# Shri Govind Guru University, Godhra

(Established Vide Gujarat Act No. 24/2015)

# શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, ગોધરા

(ગુજરાત એક્ટ નં. ૨૪/૨૦૧૫ દ્વારા સ્થાપિત)

મુ.: વિંઝોલ, પો.: કાંકણપુર, તા.: ગોધરા, જિ.: પંચમહાલ-૩૮૮૭૧૩.


ભારત 2023 INDIA

નં.એસજીજીયુ/વહીવટ/૨૦૨૩/૯૩૪૪ તા.૨૮/૧૨/૨૦૨૩

પરિપત્ર-૩૨૭૯

શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજો/અનુસ્નાતક કેન્દ્રો અને ભવનોના આચાર્યશ્રીઓ/ઇન્ચાર્જશ્રીઓ અને કો-ઓર્ડીનેટરશ્રીઓને જણાવવાનું કે રાજ્ય સરકારશ્રી દ્વારા ગુજરાત જ્ઞાન ગુરુ ક્વીઝ ૨.૦ (G3Q 2.0)નું આયોજન કરવામાં આવેલ છે. જે ક્વીઝ સ્પર્ધામાં રાજ્ય સરકાર દ્વારા વિવિધ ઇનામોની જાહેરાત કરવામાં આવેલ છે. જે ક્વીઝ સ્પર્ધામાં આપની સંસ્થા/કોલેજના તમામ વિદ્યાર્થીઓ ભાગ લે અને આ ક્વીઝ સ્પર્ધાનો લાભ લઇ પોતાના જ્ઞાનનો પાયો મજબુત કરી ભારતને આત્મનિર્ભર બનાવવામાં પોતાનો ફાળો આપે તે અંગે અંગે વિદિત થઇ આપની કક્ષાએથી કાર્યવાહી કરવા વિનંતી. સ્પર્ધા અંગેની વધુ માહિતી આ સાથે સ્સામેલ છે. જે માહિતી આપની સંસ્થા/કોલેજના નોટીસ બોર્ડ પર મૂકી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા વિનંતી.

કુલસચિવ

શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી

ગોધરા

કુલસચિવ

શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી

વીંઝોલ, ગોધરા, ગુજરાત

બિડાણ- ઉપર મુજબ.

પ્રતિ,

- શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજો/અનુસ્નાતક કેન્દ્રો અને ભવનોના આચાર્યશ્રીઓ/ઇન્ચાર્જશ્રીઓ અને કો-ઓર્ડીનેટરશ્રીઓતરફ જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.



Education Department
Government of Gujarat

Vibrant GUJARAT 10-12 Jan 2024
Gateway to the Future | 10th Global Summit

# ગુજરાત જ્ઞાનગુરુ ક્વિઝ (G3Q 2.0)

GUJARAT GYAN GURU QUIZ 2.0
જાણશે ગુજરાત જીતશે ગુજરાત

**₹. ૨૫ કરોડથી વધુના ઇનામો અને ફ્રી એજ્યુકેશનલ ટ્રીપ જીતવાની આ છે સુવર્ણ તક! અત્યાર સુધીની સૌથી મોટી ક્વિઝમાં ભાગ લેવા માટે આજે જ રજિસ્ટ્રેશન કરાવો અને રમવાનું શરૂ કરો.**

**શિક્ષણ વિભાગ, ગુજરાત સરકાર દ્વારા આયોજિત**

## ગુજરાત જ્ઞાન ગુરુ ક્વિઝ (G3Q 2.0)

રાજ્યનો યુવા વિદ્યાર્થી વધુ તેજસ્વી, પ્રતિભાશાળી, જ્ઞાન સમૃદ્ધ બની ગુજરાતને સંપુર્ણપણે જાણી આત્મનિર્ભર ગુજરાતની પહેલ સાથે દ્રઢતાથી જોડાઈ શકે તે હેતુથી રાજ્ય સરકાર દ્વારા ધોરણ ૯ થી ૧૨માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ તેમજ ગુજરાત રાજ્યની ઉચ્ચ અને ટેકનીકલ શિક્ષણની તમામ સરકારી, અનુદાનિત અને સ્વનિર્ભર કૉલેજો અને રાજ્યની સરકારી અને ખાનગી યુનિવર્સિટીના સ્નાતક અને અનુસ્નાતક કક્ષાના વિદ્યાર્થીઓ તથા ૧૮ વર્ષ થી વધુ ઉંમરના અભ્યાસ ન કરતા હોય તેવા નાગરીકો માટે “ગુજરાત જ્ઞાન ગુરૂ ક્વિઝ (G3Q ૨.૦)”નું આયોજન કરવામાં આવેલ છે. જેમાં રાજ્ય અને કેન્દ્ર સરકાર દ્વારા રાષ્ટ્રના વિકાસ માટે સિદ્ધ કરવામાં આવેલ યોજનાઓની લોકભોગ્ય માહિતી ને લગતા પ્રશ્નો અને વર્તમાન સમયના સંપૂર્ણ માહિતીનો સમાવેશ કરવામાં આવે છે

ગુજરાત જ્ઞાન ગુરુ ક્વિઝ(G3Q ૨.૦)માં સ્પર્ધકને ત્રણ કેટેગરીમાં વહેંચવામાં આવેલ છે.

1) ધોરણ ૯ થી ૧૨ શાળા કક્ષાના વિદ્યાર્થીઓની કેટેગરી
2) કોલેજો અને યુનિવર્સિટી કક્ષાના વિદ્યાર્થીઓની કેટેગરી
3) અન્ય પ્રજાજન કેટેગરી (૧૮ અને ૧૮ વર્ષથી ઉપરના તમામ નાગિરક)

- રજીસ્ટ્રેશન શરુ થયેથી ઉપરોક્ત 03 કેટેગરીના સ્પર્ધક www.g3q.co.in ( G3Q ૨.૦ પોર્ટલ) પર પોતાના મોબાઈલ/ટેબ્લેટ/કોમ્પ્યુટરથી રજીસ્ટ્રેશન કરાવી શકશે અને ક્વિઝ રમી શકશે.
- તા:૨૪/૧૨/૨૦૨૩થી લઈને કુલ ૧૦ અઠવાડિયા માટે ક્વિઝ રમાડવામાં આવશે. ૧૦ અઠવાડિયા સુધી દર રવિવાર થી શુક્રવાર(૦૬ દિવસ) સુધી સવારના ૦૮:૦૦ વાગ્યાથી રાત્રીના ૧૨:૦૦ વાગ્યા સુધી ક્વિઝ રમી શકાશે. ગુજરાત જ્ઞાન ગુરુ ક્વિઝ(G3Q ૨.૦) અંતર્ગત અંદાજીત 30 લાખ જેટલા વિદ્યાર્થીઓને ક્વિઝ રમાડવામાં આવશે.

**સાપ્તાહિક ક્વિઝ (શાળા, કૉલેજ-યુનિવર્સિટી કક્ષાના તમામ વિદ્યાર્થીઓ અને તમામ પ્રજાજનો ):**

**દર રવિવારે G3Q 2.0ના પોર્ટલ પર ત્રણ કેટેગરીના ૫૦૦ + ૫૦૦ + ૫૦૦ આમ. કુલ ૧૫૦૦ વિજેતાઓ ઘોષિત કરવામાં આવશે.**

| Details | No. of Winners per Week | Prize money per winner per Week (In Rs.) |
|---|---|---|
| School Winners | 500 | 2,000/- |
| College Winners | 500 | 3,000/- |
| Other Category Winners | 500 | |
| Total Winners 1500x10weeks = 15000 | | |

- **અન્ય પ્રજાજન કેટેગરીના વિજેતાઓને સાયન્સ સીટીની એક દિવસની વિઝીટ માટેનું વાઉચર આપવામાં આવશે.**

**બમ્પર ક્વિઝ:**

- **૧૦ અઠવાડિયાની ક્વિઝ દરમ્યાન દર ૦૨ રાઉન્ડ બાદ ૦૧ બમ્પર ક્વિઝ યોજવામાં આવશે.**
- **આમ કુલ ૦૫ બમ્પર ક્વિઝ યોજવામાં આવશે .**
- **બમ્પર ક્વિઝમાં શાળા કક્ષાની કેટેગરી તથા કોલેજ-યુનિવર્સિટી કેટેગરીના કોઈપણ સ્પર્ધક ઓનલાઈન રમી શકશે.**

| Details | No. of Winners per District per Bumper Quiz | Prize money per winner per Bumper Quiz ( In Rs.) |
|---|---|---|
| School Winners | 6 | **5,000/-** |
| College Winners | 6 | **7,000/-** |
| Total (per District) per Bumper Quiz | 12 | |
| Total 12 Winner per District x 33 x5 Bumper Quix = 1980 Total Winners | | |

- **આ ઉપરાંત, બમ્પર ક્વિઝના તમામ વિજેતાઓને તેઓના નજીકના જિલ્લાના ઉદ્યોગો, જોવાલાયક ઐતિહાસિક સ્થળો જેવા કે, રિલાયન્સ, બોમ્બાર્ડ, મારુતિ સુઝુકી, વેલસ્પન, મુન્દ્રા પોર્ટ, હઝીરા પોર્ટ, દહેજ, GNFC, GSFC, વડનગર, દ્વારકા, રાણકી વાવ, સોમનાથ, SOU, અમુલ ડેરી, બનાસ ડેરી, સાયન્સ સીટી, મહાત્મા મંદિર, વગેરે જેવા તથા અન્ય સ્થળોની એક દિવસીય ટુરનું આયોજન કરવામાં આવશે.**

**ફિનાલે ક્વિઝ (તમામ જીલ્લા કક્ષાએ):**

- **૧૦ અઠવાડિયાના અંતે ગુજરાત જ્ઞાન ગુરુ ક્વિઝ (G3Q 2.0)નું ગ્રાન્ડ ફિનાલે તમામ જિલ્લામાં આયોજિત કરવામાં આવશે.**
- **શાળા કક્ષાના ૫,૦૦૦ વિજેતાઓ અને કોલેજ - university કક્ષાના ૫,૦૦૦ વિજેતાઓ, આમ કુલ ૧૦,૦૦૦ વિજેતાઓ Online ભાગ લેશે.**
- **પ્રતિ જિલ્લા પ્રમાણે ૦૬ વિજેતાઓ(૦૩ શાળા કક્ષા + ૦૩ કૉલેજ-યુનિવર્સિટી કક્ષાના ઘોષિત કરવામાં આવશે.)**

| Details | Prize amount for School Winners (in Rs.) | Prize amount for College Winners (In Rs.) |
|---|---|---|
| 1st Winner | 2,00,000/- | 3,00,000/- |
| 2nd Winner | 1,50,000/- | 2,00,000/- |
| 3rd Winner | 1,00,000/- | 1,50,000/- |
| Total Prize Per District | 4,50,000/- (Total 3 Winners) | 6,50,000/- (Total 3 Winners) |

**ઈનામ વિતરણની પ્રક્રિયા:**

- **આ ઉપરાંત તમામ વિજેતાઓને ડીઝીટલ પ્રમાણપત્ર ક્વિઝ પૂરી થતા તુરંત આપવામાં આવશે.**
- **ગુજરાત જ્ઞાન ગુરુ ક્વિઝ (G3Q 2.0) ના તમામ વિજેતાઓ (શાળા કક્ષા અને કૉલેજ કક્ષા) ને ઇનામની રકમનું ચુકવણું DBT મારફત કરવામાં આવશે.**

તો થઇ જાવ રમવા તૈયાર અને જ્ઞાન અને ગમ્મત નો સમન્વય એટલે
**ગુજરાત જ્ઞાન ગુરુ ક્વિઝ (G3Q 2.0)**

**તો આજે જ www.g3q.co.in પર રજિસ્ટ્રેશન કરવો**
**અથવા રજીસ્ટ્રેશન માટે અને રમવા માટે બાજુ નો કોડ સ્કેન કરવો**
**વધુ માહિતી માટે ૯૯૭૮૯૦૧૫૯૭ પર કોલ કરો**